# તા.૧૨/૦૨/૨૦૨૨ ના બોર્ડ ઓફ ડાયરેકટર્સની મીટીગમાં ઠરાવ નં.૧૩ થી મંજુર કરવામાં આવેલ. નામજોગ (વ્યકિતગત)/મંડળી મારફત ખેડુત ખાતેદાર માટે ગૃહ વપરાશી લોન (કન્જયુમર્સ ડયુરેબલ્સ સાધન ખરીદવા) માટેની ધિરાણનિતિ

| ક્રમ | મુદા | વિગત |
|---|---|---|
| ૧ | હેતુ | • ઘર વપરાસી સાધનો તેમજ ઈલેક્ટ્રોનીક સાધનો ખરીદવા માટે ધીરાણની સુવિધા આપવા માટે |
| ૨ | લોન મેળવવાની પાત્રતા | • બેંકમાં થાપણ ખાતું ધરાવતો હોવો જોઈએ.<br>• અરજદાર/જામીનને બેંકના નોમીનલ સભ્ય બનાવવાના રહેશે.<br>• કાર્ય વિસ્તારનો રહેવાસી હોવો જોઈએ.<br>• અરજદાર/સહઅરજદારની ઉંમર ૧૮ વર્ષથી ૬૦ વર્ષ સુધીની હોવી જોઈએ. પરંત અરજદારની ઉંમર ૬૦ વર્ષથી વધુ હોય તો ઘરના અન્ય કોઈ નાની ઉમરના વ્યસ્ક સભ્યને સહઅરજદાર બનાવવાના રહેશે.<br>• અરજદાર ઓછામાં ઓછી ૧ હેકટર જમીન ધરાવતા હોવા જોઈએ.<br>• બિનખેડૂત ખાતેદાર હોય તો સ્થાવર મિલ્કત ધરાવતો હોવો જોઈએ અથવા કાયમી પગરાદાર કર્મચારી હોવો જોઈએ અને ઓછામાં ઓછી ૩ વર્ષની નોકરી બાકી હોવી જોઈએ.<br>• અરજદાર અન્ય મંડળી કે બેંકનો બાકીદાર ન હોવો જોઈએ પરંતુ આ હેતુ સિવાય અન્ય હેતુ માટેની લોન મેળવેલ હશે અને તે લોન મુદતવિતિ નહી હોય તો લોન આપી શકાશે. |
| ૩ | રીપેઈંગ કેપેસીટી | • અરજદારની વાર્ષિક આવક ઓછામાં ઓછી રૂા.૧,૦૦,૦૦૦/– ની હોવી જોઈએ. |
| ૪ | માર્જીન | • સાધન જેમની પાસેથી ખરીદતા હોય તે માન્ય GST નંબર ધરાવતા ડીલર્સ/વેપારીના કવોટેશન મુજબ ૨૫% માર્જીન રહેશે. |
| ૫ | લોનની મર્યાદા | • કવોટેશનની રકમના ૭૫% વાર્ષિક આવકના ૬૦% અથવા મહતમ રૂા.૨,૦૦,૦૦૦/– ત્રણ પૈકી જે ઓછી રકમ હોય તે મળવા પાત્ર રહેશે. |
| ૬ | મુદત/ હપ્તાની સંખ્યા | • ૩૬ માસીક હપ્તા |
| ૭ | જામીનગીરી | • બેંકને માન્ય હોય તેવા બે સધ્ધર જામીન મિલ્કત/ખેતીની જમીન ધરાવતા હોય તેના આધારો સાથે આપવાના રહેશે. જેમને નોમીનલ સભ્ય બનાવવાના રહેશે. |
| ૮ | લોન અરજી સાથે બીડવાના આધારો. | • બેંકના નમુનામાં અરજી<br>• અરજદાર અને બે જામીનદાર ના તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ<br>• અરજદાર અને જામીનદારના આઈ.ડી.પ્રુફ (આધાર કાર્ડ,પાન કાર્ડ, ચુંટણી કાર્ડની નકલ)<br>• વાર્ષિક આવકનો દાખલો.<br>• માન્ય GST નંબર ધરાવતા ડીલર્સનું કવોટેશન<br>• સીબીલ રીપોર્ટ તથા લગત મંડળીના નો–ડયુ સર્ટિફીકેટ<br>• અરજદાર અને જામીનદારની મિલ્કત/ખેતિની જમીનના આધારોની નકલ.<br>• જામીનદારોનું લેખિત સંમતીપત્ર<br>• જો જામીનદાર નોકરીયાત હોય તો પગાર સ્લીપ/પગારનો દાખલો તથા પગારમાંથી પરબારે હપ્તા કપાત કરવાનું પગાર કરનાર અધિકારીનું પ્રમાણપત્ર સામેલ કરવાનુ રહેશે. |
| ૯ | ચકાસણી ફી | • નામજોગ (વ્યકિતગત) અરજદારો પાસેથી રૂા.૧,૦૦,૦૦૦/–ની લોન સુધી રૂા.૩૦૦/–+GST અને રૂા.૧,૦૦,૦૦૦/– ઉપરની લોન માટે રૂા.૫૦૦/–+GST ચકાસણી ફી આકારવાની રહેશે. સહકારી મંડળીઓ મારફત થયેલ તેના સભાસદોને ધિરાણના કિસ્સામાં આવી ફી ઉપરોકત ફી ના ૫૦% +GST આકારવાની રહેશે. |

The Kachchh Dist. Central Co-Op. Bank Ltd. (O) BHUJ Kachchh

| ક્રમ | મુદા | વિગત |
|---|---|---|
| ૧૦ | લોન આપતા સમયે કરવાની થતી કાર્યવાહી | • માર્જીનની રકમ અરજદારના બચત ખાતામાં ભરવાની રહેશે.<br>• જે વેપારીનું કવોટેશન રજુ થયેલ હશે તેને પુરી રકમનો પે–ઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફટ ઈસ્યુ કરવાનો રહેશે.<br>• ડીમાન્ડ ડ્રાફટના કમીશનની રકમ અરજદારે ભોગવવાની રહેશે. |
| ૧૧ | લોન ધિરાણ સમયે લેવાના દસ્તાવેજ | • પ્રોમીશરી નોટસ,<br>• કન્ટીન્યુઈંગ ગેરેન્ટી બોન્ડ,<br>• ધિરાણની શરતો માન્ય રાખવાનું કબુલાતનામું<br>• ઈકવીટેબલ મોર્ગેજ ડીડ<br>• જરૂરીયાત મુજબના અરજદારના ખાતાના એડવાન્સ સહી કરેલા ચેકો.<br>• ખેતિની જમીન પર બોજા નોંધ માટે એકારારનામા |
| ૧૧ | લોન ઉપાડ બાદ રજુ કરવાના આ ધારો | • સાધન ખરીદીનું બિલ<br>• માન્ય ડીલરને પરબારે કરેલ ચુકવણાની પહોંચ |
| ૧૨ | સીકયોરીટી | • અરજદાર સ્થાવર /જંગમ મિલ્કત જો હોય તો મોર્ગેજ કરાવવી જો ન હોય તો જામીનદારની મિલકત મોર્ગેજ કરાવવી.<br>• અરજદારની ખેતિની જમીન પર બોજાની નોંધ<br>• જો અરજદાર નોકરીયાત હોય તો પગાર સ્લીપ/ પગારનો દાખલો તથા પગારમાંથી પરબારે હપ્તા કપાત કરવાનું પગાર કરનાર અધિકારીનું પ્રમાણપત્ર સામેલ કરેલ હોય તેવા કિસ્સામાં ઈકવીટેબલ મોર્ગેજ કરાવવાનું રહેશે નહી. |
| ૧૩ | પેમેન્ટ | • જે વેપારીનું કવોટેશન રજુ થયેલ હોય તેમને પુરી રકમનો પે–ઓર્ડર અથવા ડી.ડી.ઈસ્યુ કરવાનો રહેશે.<br>• માર્જીનની રકમ અરજદારના બચત ખાતે જમા કરવાની રહેશે. |
| ૧૪ | વ્યાજનો દર | • બેંકના પ્રવર્તમાન વ્યાજના દરે ધિરાણ થશે. |
| ૧૫ | વ્યાજની આકરણી | • માસિક ધોરણે આકરણી કરવામાં આવશે. |

**નોંધ :–** **આ સીકયુરીટી ધિરાણ આપતા પહેલા મેળવી લેવાની રહેશે.**

(O) The Kachchh Dist. Central Co-Op. Bank Ltd. BHUJ Kachchh

ચીફ એકઝીકયુટીવ ઓફિસર